# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 18-12-2024 Day: Wednesday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## કચ્છ યુનિ.- ચૌદમો પદવીદાન સમારોહ:

કચ્છ યુનિવર્સીટી ખાતે આજે ચૌદમો પદવીદાન સમારોહ યોજાયો હતો.. આ અંગે અહેવાલ આપે છે અશરફ નથવાણી.....

(વોઈસ કાસ્ટ અશરફ નથવાણી)

*ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૪મો પદવીદાન સમારોહ આજે ભુજ ખાતે યોજાયો હતો. જેમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ૫૫૩૦ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઇ હતી. તે સાથે જ ૩૭ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે સુવર્ણચંદ્રકથી પ્રોત્સાહિત કરાયા હતા.*

*દિક્ષાંત સમારોહને સંબોધતા રાજયપાલ આચાર્ય દેવવ્રતે શ્રેષ્ઠ કર્મને જીવનની પુંજી ગણાવીને યુવાનોને ઇમાનદારી , કર્તવ્યભાવના સાથે રાષ્ટ્રધર્મ , સમાજધર્મ, પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો. તેમણે સત્ય અને કર્તવ્યભાવનાને સુખનો આધાર ગણાવીને વિદ્યાર્થીઓને જીવનમાં સત્યનું પાલન કરવા તથા મેળવેલ જ્ઞાનનો સમાજના કલ્યાણ માટે ઉપયોગ કરવા શીખ આપી હતી. (બાઈટ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત)*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી અર્થવ્યસ્થા બન્યું છે અને હવે ત્રીજા ક્રમની અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા યુવાધન આગળ આવે તેવો અનુરોધ રાજયપાલ આચાર્ય દેવવ્રતે કર્યો હતો. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને ડિગ્રી મેળવવા સાથે પર્યાવરણ રક્ષણ , જળ વ્યવસ્થાપન, ભારતીય સંસ્કૃતિને અપનાવી વિશ્વમાં તેનો સંદેશ પાઠવવા, નશામુક્ત જીવન અપનાવવા તથા લોકોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા સંકલ્પબધ્ધ થવા અપીલ કરી હતી.*

*આ પ્રસંગે વેદિક મિશન ટ્રસ્ટના સ્વામી ધર્મબંધુજીએ યુવાઓને જીવનમાં આવનારા ભવિષ્યના પડકારો જેવા કે, વસતી વધારો, દરિયાની સપાટીમાં વધારો, પાણીની તંગી, ખાદ્ય અસુરક્ષા, કલાઇમેટ ચેન્જ તેમજ એઆઇથી ઉભી થનારી સંભવિત સમસ્યાઓથી અવગત કરીને તેના સમાધાન માટે શું કરી શકાય તેનાથી છાત્રોને અવગત કર્યા હતા.*

*કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલે યુનિવર્સિટીના વિકાસકામોની માહિતી આપતા જણાવ્યું હતું કે , યુનિવર્સિટીમાં આગામી સમયમાં મ્યુઝિયમ , ભારતીય જ્ઞાન પરંપરા કેન્દ્ર, મોલ, જીમ, વગેરેનું નિમાર્ણ કરાશે તેમજ સભાગૃહ , નવા પરીક્ષા ભવન સહિતના વિકાસકામો પ્રગતિ હેઠળ હોવાનું જણાવ્યું હતું. તેમણે કચ્છ યુનિવર્સીટીને ગુજરાતમાં જ નહીં પરંતુ ભારતમાં વિશેષ ઓળખ અપાવવાની નેમ પણ વ્યકત કરી હતી.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ*

---------------------------------------------------------------------------------------------------------------

## ગાંધીનગર-મંત્રીમંડળની બેઠક:

ગાંધીનગરમાં આજે યોજાયેલી મંત્રીમંડળની બેઠક પૂર્ણ થઈ છે. આ બેઠકમાં આરોગ્ય વિભાગ દ્વારા PM-JAY અંગે SOP એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા, મગફળીની ધીમી ખરીદી અંગે સૌરાષ્ટ્રમાંથી ઉઠેલી ફરિયાદો તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત બેઠકમાં પોલીસે PM-JAY કાર્ડના પકડેલા કૌભાંડ , રાજ્યમાં મગફળીના ટેકાના ભાવે ખરીદી અને બજેટ અંગે ચાલી રહેલી વિભાગવાર બેઠકો તેમજ બજેટસત્ર અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------------------------

## પીએમ કિસાન યોજના:

PM-KISAN યોજનામાં પાત્રતા ધરાવતા ખેડૂતોએ સેલ્ફ રજીસ્ટ્રેશનથી અરજી કરવા માટે ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ફાર્મર આઈડી ફરજીયાત કરવામાં આવનાર છે. નવા અરજદારોએ પહેલા ફાર્મર રજિસ્ટ્રીમાં ફરજીયાત નોંધણી કરાવવી પડશે. PM-KISAN યોજનામાં સેલ્ફ રજીસ્ટ્રેશનથી અરજી કરતા સમયે એપ્લીકેશન ફોર્મમાં ફાર્મર આઈડીની વિગત આપવી પડશે.

આ અંગે વધુ જાણકારી માટે ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી , તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------------------

## "આપણી ધરોહર" હેરીટેજ વોક-ભુજ:

સમગ્ર કચ્છ તેમજ ભુજ ખાતે આવેલી ઐતિહાસિક ધરોહરને પ્રદર્શિત કરવા માટે અમદાવાદ ખાતે આવેલી વિરાસતની જાળવણીનું કામ કરતી સંસ્થા "આપણી ધરોહર" દ્વારા જીલ્લાના પાટનગર ભુજ મધ્યે "હેરીટેજ વોક"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય લોકો પોતાના ભુજ શહેરની વિરાસતને ઓળખે અને તેની જાળવણી કરે તે હતો.

---

## ઝરપરા-અગ્નીવીરોનું સન્માન:

મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામના 22 અગ્નિવીરમાંથી 11 અગ્નિવીર તાલીમ પૂર્ણ કરી વતનમા આવતાં ઝરપરા ગ્રામ પંચાયત, ચારણ સમાજ અને ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયતના પટાંગણમાં અગ્નિવીરોનું સન્માનપત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું..

---

## ઠંડીનું મોજું:

ઉત્તરાદા ઠંડા પવનની ઝડપમાં સામાન્ય ઘટાડો થયો હોવા છતા જિલ્લાવાસીઓને ઠંડીથી રાહત મળી નથી. ત્યારે , હવામાન વિભાગે વધુ બે દિવસ ઠંડીની તીવ્રતા જળવાઈ રહેશે તેવી આગાહી કરી છે.

નલિયા 7.5 ડિગ્રી સેલ્શીયસ લઘુત્તમ તાપમાન સાથે રાજ્યના ઠંડાં મથકોમાં મોખરાનાં સ્થાને કાયમ રહ્યું હતું. તો, ભુજમાં 10.6 ડિગ્રી સેલ્શીયસ, કંડલા પોર્ટમાં 13.5 ડિગ્રી સેલ્શીયસ અને કંડલા એરપોર્ટ માં 10.5 ડિગ્રી સેલ્શીયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---

## ગાંધીધામ-ગામડાના રસ્તાના રીસર્ફેસિંગ:

ગાંધીધામ તાલુકાના ગળપાદર, મીઠીરોહર અને પડાણા ગામ ખાતે 569 લાખ 94 હજાર રૂપિયાના રસ્તાના રીસર્ફેસિંગ અને મજબૂતીકરણના કામોનું ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું.

---